| |
|---|
| **અગ્રતા ક્રમ : ૩૦**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૩૦૭**<br>**વિષય: ધરોઈ ડેમથી અંબાજી સુધીના વિસ્તારને ઈકો ટુરીઝમ તરીકે વિકાસ**<br>**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા)** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી સરદારભાઇ ચૌધરી (ખેરાલુ)** |
| **પૂરક પ્રશ્ન (૧) : ધરોઈ ડેમ ખાતે કઈ કઈ વિકાસની કામગીરીનુ આયોજન કરેલ છે.** |
| **જવાબ:**<br>**માન.અધ્યક્ષશ્રી**<br><br>**ધરોઈ પ્રદેશના વિકાસની કલ્પના ત્રણ પેકેજોમાં કરવામાં આવી છે, જેમાં મુખ્ય ઘટકો રોડ નેટવર્ક, એડવેન્ચર વોટર સ્પોર્ટ્સ એરેના, પ્રવાસી સુવિધાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રિવર એજ ડેવલપમેન્ટ, લેસર શો ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે એમ્ફીથિયેટર, પંચ તત્વપાર્ક (બોટનિકલ ગાર્ડન), વિઝિટર સેન્ટર અને વોટર એક્સપિરિયન્સ પાર્ક, અર્થ એક્સપિરિયન્સ પાર્ક, વિન્ડએક્સપિરિયન્સ પાર્ક (નાદ બ્રહ્મ ઉપવન), સન એક્સપિરિયન્સ પાર્ક, સ્કાય** |

એક્સપિરિયન્સ પાર્ક, આઈલેન્ડ ગેટવે અને જેટ્ટી, ઓપન ગ્રીન પાર્ક્સ નો સમાવેશ થાય છે,

હાલમાં પેકેજ–૧ હેઠળ એડવેન્ચર ડ્રાઈવ રોડ અને ટર્મિનલ રોડ ના વિકાસ ની કામગીરી પ્રગતિ હેઠળ છે.

પેકેજ–૨ માટે કોન્ટ્રાક્ટરની નિમણુંકની પ્રકીયા પ્રગતિ હેઠળ છે.

| |
|---|
| **અગ્રતા ક્રમ : ૩૦**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૩૦૭**<br>**વિષય: ધરોઈ ડેમથી અંબાજી સુધીના વિસ્તારને ઈકો ટુરીઝમ તરીકે વિકાસ**<br>**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા )** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી સુખાજી ઠાકોર (બેચરાજી)** |
| **પૂરક પ્રશ્ન (૨) ધરોઈ થી અંબાજી રૂટને પ્રમોટ કરવા માટે પ્રવાસન વિભાગ દ્વારા કઈ કઈ ઈવેન્ટો કરેલ છે?** |

જવાબ:

માન.અધ્યક્ષશ્રી

ધરોઈ થી અંબાજી રૂટને પ્રમોટ કરવા માટે પ્રવાસન વિભાગ દ્વારા “જલ સે જય તક” નામની ઈવેન્ટનું આયોજન કરેલ હતું. જેમાં ૩૦૦ થી વધારે સાયક્લીસ્ટોએ સ્પર્ધા માં ભાગ લીધેલ હતો. જેમાં બોલીવુડના ખ્યાતનામ કલાકાર મિલિન્દ સોમાલ દ્વારા પણ ભાગ લેવામાં આવેલ હતો. તેની સાથે સાથે ૭૫ બાઈક રાઈડર અને તારક મેહતા કા ઉલટા ચશ્મા ની ટીમે પણ આ ઈવેન્ટમાં ભાગ લીધેલ હતો. આ ઈવેન્ટ ધરોઈ ડેમ થી શરુ કરવામાં આવેલ હતી અને અંબાજી ખાતે પૂર્ણ થયેલ હતી. અંબાજી મંદિર ખાતે આ ઈવેન્ટની ક્લોસિંગ સેરેમની રંગારંગ સંસ્કૃતિક કાર્યક્રમ સાથે કરવામાં આવેલ હતી. સદર ઈવેન્ટનો ઉમદા હેતુ એડવેન્ચર અને ઇકો ટુરિઝમને પ્રમોટ કરવાનો હતો.